Extra No. 50

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **THURSDAY, JANUARY 22, 2026 / MAGHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખઃ ૧૫મી ડિસેમ્બર, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જી/પીટી/૨૯/પીટીડી/એમઆરટી/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૫/૦૪૯૧/ખ.- નો ગુજરાતી અનુવાદ આથી ગુજરાત ગેઝેટ (રાજપત્ર) અસાધારણ, ભાગ-૯માં સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Gujarat Motor Vehicles Rules, 1989

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી

જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ડિસેમ્બર, ૨૦૨૫

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક: જી/પીટી/૨૯/પીટીડી/એમઆરટી/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૫/૦૪૯૧/ખ:- મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧) થી ફરમાવ્યા પ્રમાણે, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા માટેના અમુક નિયમોનો મુસદો, બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખ: ૬ઠ્ઠી જૂનના સરકારી જાહેરનામા ક્રમાંક: જી/પીટી/૨૦૨૫/૨૦/પીટીડી/એમઆરટી/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૫/૦૪૯૧/ખ હેઠળ તારીખ: ૯મી જુલાઇ, ૨૦૨૫ ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪-એ માં પાના ૧૦૨-૧ થી ૧૦૨-૨ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં, સરકારને કોઈ વાંધો અથવા સૂચન મળેલ નથી;

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૩૮ની પેટા-કલમ (૨)ના ખંડ (ક) અને કલમ ૬૫-ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ) સાથે વાંચતા, કલમ ૨૮ની પેટા-કલમ (૨)ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત મોટર વાહન (તૃતીય સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની આખરી પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં, ખંડ (૩૬) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

"(૩૭) થરાદ જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, થરાદ.".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૨૪માં, ખંડ (૩૬) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

"(૩૭) થરાદ જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, થરાદ.".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૪૦માં, ખંડ (૩૬) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

"(૩૭) થરાદ જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, થરાદ.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

તેજેન્દ્ર પટેલ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.02.16 10:13:08 IST